**નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત**

**સાફલ્યગાથા તા.૧૨/૦૪/૨૦૨૧ થી ૧૮/૦૪/૨૦૨૧**

| કચેરી/ શાખા | કચેરી કામગીરીની વિગત |
|---|---|
| વાંસદા પોલીસ સ્ટેશન પોલીસ અધિકારી/ કર્મચારીઓ | વાંસદા પો.સ્ટે. પાર્ટ બી નં-૧૧૮૨૨૦૦૩૨૧૦૪૨૧/૨૦૨૧જુગારધારા કલમ-૧૨ (અ) મુજબ મોજે- વાંસદા ગાંધીનગર ફળિયા ખાતે આવેલ તહોના ઘરની બાજુમા ખુલ્લી જગ્યામાં તા.વાંસદા જી.નવસારી આ કામના તોહોના ઓએ એકબીજાની મદદગારીથી આવતા જતા માણસો પાસે વરલી મટકાના નીકળતા આંકો ઉપર પૈસાવતી હારજીતનો જુગાર રમી રમાડી આરોપીઓના હાથમાંના તથા અંગઝડતી માંના કુલ્લે રૂપિયા-૨,૮૮૦/- તથા જુગારના સાધનો બોલપેન નંગ-૧ કિ.રૂ-૦૦/- તથા આંકો લખેલ કાગળની કાચી કાપલીઓ નંગ-૩ કિ.રૂ.૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૨,૮૮૦/- ના મુદ્દામાલ સાથે ડીટેઇન કરવામાં આવી આગળની કાર્યવાહી કરેલ. |
| બીલીમોરા પોલીસ સ્ટેશન પોલીસ અધિકારી/ કર્મચારીઓ | બીલીમોરા સી ગુ.ર.નં. 1182200621480/2021 પ્રોહી એક્ટ કલમ ૬૫-AE, ૧૧૬(૨), ૯૮(૨) મુજબ મોજે વાઘરેચનાકા પાસે કોસ્ટલ હાઈ-વે ઉપર તા.ગણદેવી જી.નવસારી આરોપી કુપલ ઉર્ફે કુકુ મગનભાઈ પટેલ રહે ભાઠલા ગામ ખાડી ફળીયા તા.ગણદેવી જી.નવસારી નાઓએ મોજે વાઘરેચનાકા પાસે કોસ્ટલ હાઈ-વે ઉપર પોતાના કબજાની નંબર વગરની ડીઓ મોપેડ ઉપર આગળના ભાગે તેમજ ડીકીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બાટલીઓ કુલ નંગ-૨૬૬ કિમત રૂપીયા ૩૩,૨૫૦/- નો તથા નંબર વગરની ડીયો મોપેડ જેની કિંમત રૂપીયા ૩૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૬૩,૨૫૦/- ના મુદ્દામાલ સાથે ડીટેઇન કરવામાં આવી આગળની કાર્યવાહી કરેલ. |
| એલ.સી.બી. નવસારીના પોલીસ અધિકારી/ કર્મચારીઓ | જલાલપોર પાર્ટ સી – રૂરલ પોસ્ટે ૧૧૮૨૨૦૨૧૨૧૧૧૩૫ પ્રોહી એકટ કલમ ૬૫એઈ, ૧૧૬(૨), ૮૧, ૯૮(૨) મુજબ એકબીજાની મદદગારીથી પકડાયેલ ટાટા એસ ટેમ્પો રજી.નં. GJ-15-AV-0626 માં દારૂનો જથ્થો ભરાવી જે દારૂના જથ્થા સહિતનો ટેમ્પો વાપી ચાર રસ્તાથી આગળ પકડયેલ આરોપીને આપી જે દારૂના જથ્થા સહિતનો ટેમ્પો સુરત ઉધના મંદિર પાસે પહોચાડવા માટે જણાવી હેતનભાઈ રાઠોડ પોતે અર્ટીગા કાર નં. GJ-15-CK/1415 માં પાયલોટીંગમાં રહી પકડાયેલ આરોપી દારૂના જથ્થા સહિત નો ટેમ્પો વગર પાસ પરમીટે ઉધના ખાતે પહોચાડવા વહન કરી લઈ જતા છુટ્ટી ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કીના પાઉચ કુલ નંગ ૪૫૦ જેની કિં.રૂ. ૫૬,૨૫૦/- ના પ્રોહી જથ્થા સાથે સ્થળ ઉપર પકડાય જતા સફેદ કલરનો ટાટા એસ નાનો ટેમ્પો રજીસ્ટ્રેશન નંબર GJ-15-AV-0626 જેની આશરે કિ.રૂ.૧,૫૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન-૦૨ કી.રૂ.૧૫૦૦/-તથા ટાટા એસ નાનો ટેમ્પોની આર.સી. બુક કિંરૂ.૦૦/-, મળી કુલ રૂ.૨,૦૭,૭૫૦/- ના મુદ્દામાલ સાથે ડીટેઇન કરવામાં આવી આગળની કાર્યવાહી કરેલ. |
| ખેરગામ પોલીસ સ્ટેશન પોલીસ અધિકારી/ કર્મચારીઓ | ખેરગામ ગુ.ર.નં ૧૧૮૨૨૦૦૪૨૧૦૨૦૬ જુગારધારા કલમ ૧૨ મુજબ ગોડથલ ગામ રેંજર ફળીયામાં આવેલ ખુલ્લી જગયામાં એક આંબાના ઝાડ નીચે તા.ચીખલી જી.નવસારી આ કામના પક્ડાયલ તથા વૉંટેડ આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગોડથલ ગામ રેંજર ફળીયામાં આવેલ ખુલ્લી જગયામાં એક આંબાના ઝાડ નીચે ગેરકાયદેસર રીતે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા પકડાયેલ આરોપીઓ કુલ-૦૪ નાઓ તથા વૉંટેડ આરોપીઓ ગેરકાયદેસર રીતે ગંજીપાનાનો તીન પત્તી હારજીતનો જુગાર રમી રમતા પકડાયેલ આરોપીઓની અંગ ઝડતીના જમીન પરના ગંજી પાના નંગ-૪૦ તથા પકડાયેલ આરોપીઓના હાથમાંના ગંજીપાના |

| | |
|---|---|
| | નંગ-૧૨ મળી કુલ્લે ગંજીપાના નંગ-૫૨ ની કિ.રૂ.૦૦/- તથા દાવ ઉપરના રોકડા રૂપીયા.૪૭૦/- તથા પકડાયેલ ઇસમોના મોબાઇલ ફોન નંગ-૦૩ કી.રૂ.૬,૫૦૦/- મળી કુલ રૂપીયા-૮૯૭૦/-નો ના મુદ્દામાલ સાથે ડીટેઇન કરવામાં આવી આગળની કાર્યવાહી કરેલ. |
| વાંસદા પોલીસ સ્ટેશન પોલીસ અધિકારી/ કર્મચારીઓ | વાંસદા 'પાર્ટ-સી-૧૧૮૨૨૦૦૩૨૧૦૩૯૭/૨૦૨૧ પ્રોહી એકટ કલમ-૬૫AE,૮૧,૯૮(૨),૧૧૬(૨) એકબીજાની મદદગારીથી મોજે-રૂપવેલ દેસાઇ ફળિયા ખાતે આવેલ રણછોડભાઇ નાઓના શેરડીના ખુલ્લા ખેતરમા ભારતીય બનાવટનો વિદેશી દારૂના બોક્ષો નંગ-૦૪ જેમા કુલ્લે બાટલીઓ નંગ-૧૯૨ તથા પ્લાસ્ટિકના થેલામા છુટ્ટી બાટલીઓ નંગ-૨૪૦ મળી કુલ્લે બાટલીઓ નંગ-૪૩૨ જેની કુલ કિં.રૂા.૫૪,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા સફેદ કલરની એકટીવા 6-G ટુ-વ્હીલર મો.સા. નંબર-GJ-21-BQ-2447 ની કિ.રૂ.૪૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૯૪,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ડીટેઇન કરવામાં આવી આગળની કાર્યવાહી કરેલ. |
| નવસારી રુરલ પોલીસ સ્ટેશન પોલીસ અધિકારી/ કર્મચારીઓ | નવસારી રુરલ પાર્ટ સી – ૧૧૮૨૨૦૨૧૨૧૧૧૧૬ પ્રોહી એકટ કલમ ૬૫એઈ, ૯૮(૨), ૧૧૬(૨), ૮૧ મુજબ આરોપી (૧) વિપુલભાઇ લક્ષ્મણભાઇ રાઠોડ ઉ.વ.૨૧ રહે.નવસારી રીંગ રોડ, ટાટા સ્કુલની પાછળ ,દાંતના દવાખાનાની બાજુમાં તા.જી.નવસારી નાએ પોતાના કબ્જાની સીલ્વર કલરની સ્વીફટ કાર રજી નં.GJ-15-DD- 9542 મા ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કીની બાટલીઓ નંગ ૪૮ કિંમત રૂપીયા- ૩૮,૪૦૦/- ના મુદ્દામાલ સાથે ડીટેઇન કરવામાં આવી આગળની કાર્યવાહી કરેલ. |
| નવસારી એલ.સી.બી. પોલીસ અધિકારી/ કર્મચારીઓ | ચીખલી ૧૧૮૨૨૦૦૯૨૧૦૫૨૬/૨૦૨૧ પ્રોહી એકટ કલમ-૬૫એઈ, ૮૧, ૯૮ (૨)૧૧૬(૨) મુજબ તપાસમાં નિકળે તે આરોપીઓ ટુંક વિગત ;-સદરહુ પકડાયેલ આરોપી પોતાના કબ્જાની સ્કૉડા કંપનીની ફેબીયા કાર જેનો રજી નંબર DD-03-F-2268 માં ભારતીય બનાવટની વ્હીસ્કીની નાની મોટી બાટલીઓ તથા ટીન બીયર મળી કુલ્લે બોટલીઓ નંગ-૪૫૬ જેની કિ.રૂ.૫૧,૪૫૦/- નો પ્રોહી મુદામાલ તથા કારની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- તથા એક મોબાઇલ ફોનની કિ.રૂ.૫૦૦/- મળી કુલ્લે રૂપિયા-૨,૫૧,૯૫૦/- ના મુદ્દામાલ સાથે ડીટેઇન કરવામાં આવી આગળની કાર્યવાહી કરેલ. |



<u>તા.૧૩/૦૪/૨૦૨૧</u>

**ભારતીય બનાવટના વિદેશી દારૂ વ્હીસ્કી તથા ટીન બીયરની બાટલીઓ નંગ-૪૫૬ કિં.રૂ.૫૧,૪૫૦ /- ના મુદ્દામાલ સાથે એક આરોપીને ડીટેઇન કરતી નવસારી એલ.સી.બી**

અત્રેના જીલ્લામાં પ્રોહીબીશન તેમજ જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા નવસારી વિભાગ, નવસારી નાઓએ પોલીસ ઇન્સપેક્ટર વી.એસ.પલાસ એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે આજરોજ તા.૧૩/૦૪/૨૦૨૧ ના રોજ એ.એસ.આઇ.જયેશભાઇ ગોવિંદભાઇ, એ.એસ.આઇ. કલ્યાણભાઇ રામભાઇ, અ.હે.કો. સુરેશભાઇ વિષ્ણુભાઇ, અ.હે.કો. મિલનભાઇ મનસુખભાઇ, પો.કો. કિરણભાઇ ભગુભાઇ, પો.કો.વિપુલ નાનુભાઇ તમામ નોકરી એલ.સી.બી. નવસારી નાઓ સાથે ચીખલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી ગુના અંગે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન એ.એસ.આઇ. જયેશભાઇ ગોવિંદભાઇ તથા પો.કો. વિપુલ નાનુભાઇ નાઓને સંયુકત રીતે બાતમી હકીકત આધારે ખરલીપોર ઓવર બ્રિજ પહેલા મુબઇ થી સુરત તરફ જતા રોડ પાસે બાતમી હકીકતવાળી કારની વોચમાં હતા. દરમ્યાન સફેદ કલરની સ્કોડા કંપની ની ફેબીયા કાર જેનો રજી નંબર DD-03-F-2268 કાર ના ચાલક આરોપી નં-(૧) જીગ્નેશભાઇ રાજુભાઇ કામલી પટેલ ઉ.વ.૨૬ રહે- નિલકંઠ સોસાયટી ઓરવાડ ઉદવાડા તા.પારડી જી.વલસાડ નાનો કારમાં કારની પાછળની ડીકી તથા કારની પાછળની સીટની નીચેના ભાગે ભારતીય બનાવટનો વિદેશી દારૂના પુઠાના બોક્ષોમાં તથા છુટી નાની-મોટી વ્હીસ્કીની બાટલીઓ તથા ટીન બીયર મળી કુલ નંગ-૪૫૬ જેની કિં.રૂ.૫૧,૪૫૦/-નો પ્રોહી મુદ્દામાલ લઇ જતા ઉપરોકત પ્રોહી મુદ્દામાલ તથા અંગજડતીમાંથી મળેલ મોબાઇલ ફોન નંગ-૧ તથા ફેબીયા કાર મળી કુલ રૂ.૨,૫૧,૯૫૦/- ના મુદ્દામાલ સાથે પકડાયેલ ગયેલ અને આરોપીની પુછપરછ દરમ્યાન જણાવેલ કે, મોટી વાંકડ દમણ ખાતે રહેતો આરોપી નં.(૨) ધનેશ પટેલ ઓ પોતાના ઘરે થી પ્રોહી જથ્થો ભરેલ કાર આપેલ અને નવસારી ચીખલી રાનકુવા ચાર રસ્તા પાસે પહોચીને ધનેશભાઇને ફોન કરતા તેઓ એક ઇસમ જેનુ નામ સરનામુ ખબર નથી નાઓ રાનકુવા પાસે આવી પ્રોહી મુદ્દામાલ ભરેલ કાર લઇ જવાનો હોવાનુ જણાવેલ.

જેથી પકડાયેલ આરોપી તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં ચીખલી પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવી આગળની તપાસ શ્રી પી.એચ.કચ્છવાહ પો.સ.ઇ. ગણદેવી પોલીસ સ્ટેશન નાઓ તરફ કરેલ છે.

<u>(૧) પકડાયેલ આરોપીઓના નામ આરોપી-(૧)</u> જીગ્નેશભાઇ રાજુભાઇ કામલી પટેલ ઉ.વ.૨૬ રહે.- નિલકંઠ સોસાયટી ઓરવાડ ઉદવાડા તા.પારડી જી.વલસાડ

<u>માલ ભરી આપનાર વોન્ટેડ આરોપી</u> નં-(૨) ધનેશભાઇ પટેલ રહેવાસી- મોટી વાંકડ દમણ

<u>માલ મંગાવનાર વોન્ટેડ આરોપી નં-</u> (૩) એક અજાણ્યો ઇસમ જેનુ નામ સરનામુ ખબર નથી

<u>(૨) કબ્જે કરેલ મુદ્દામાલ</u>: - (૧) ભારતીય બનાવટની વ્હીસ્કીની નાની મોટી બાટલીઓ તથા ટીન બીયર મળી કુલ્લે બોટલીઓ નંગ-૪૫૬ કિ.રૂ.૫૧,૪૫૦/-નો પ્રોહી મુદ્દામાલ (૨) કાર નંબર DD-03-F-2268 ની કિં.રૂ.૨,૦૦,૦૦૦/- (૩) મોબાઇલ ફોન-નંગ-૧ કિ.રૂ.૫૦૦/- મળી કુલ્લે રૂપિયા-૨,૫૧,૯૫૦/- નો મુદ્દામાલ

<u>(૩) સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીઃ-</u>

પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.એસ.પલાસ, એ.એસ.આઇ.જયેશભાઇ ગોવિંદભાઇ, એ.એસ.આઇ. કલ્યાણભાઇ રામભાઇ, અ.હે.કો. સુરેશભાઇ વિષ્ણુભાઇ, અ.હે.કો. મિલનભાઇ મનસુખભાઇ, પો.કો. કિરણભાઇ ભગુભાઇ, પો.કો.વિપુલ નાનુભાઇ તમામ નોકરી એલ.સી.બી. નવસારી નાઓ દ્વારા સારી કામગીરી કરેલ છે.

CS Scanned with CamScanner



**પ્રેસ નોટ તા.૧૩/૦૪/૨૦૨૧**

**જલાલપોર પો.સ્ટે વિસ્તારમાં ગેરકાયદેસર પેટ્રોલ અને ડીઝલના જથ્થા તથા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો પ્રોહી મુદ્દામાલ સાથે એક ઇસમને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી.ટીમ**

નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષીકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધીક્ષકશ્રી એસ.જી.રાણા સાહેબ નાઓએ એસ.ઓ.જી લગત કામગીરી કરવા સારૂ કે.જી.લીંબાચીયા પોલીસ ઇન્સ્પેકટરશ્રી એસ.ઓ.જી. નવસારી નાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય જે આધારે

તા.૧૩/૦૪/૨૦૨૧ના રોજ એ.એસ.આઇ કિશોરભાઇ ગુલાબભાઇ, અ.હે.કો દિનેશભાઇ કુલસિંગભાઇ, અ.હે.કો ઋષીકુમાર કાંતીલાલ, તથા આ.પો.કો નિલેશભાઇ રતીલાલ નાઓ વિજલપોર પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા

દરમ્યાન આ.પો.કો નિલેશભાઇ રતીલાલ નાઓને બાતમી હકિકત મળેલ કે, " સત્યસાંઇ સોસાયટી એરૂચાર રસ્તા ખાતે રહેતા નરેન્દ્રભાઇ જીવણભાઇ પટેલ નામનો ઇસમ ગેરકાયદેસર રીતે પેટ્રોલ તથા ડીઝલનો જથ્થો રાખી છુટકમાં વેચાણ કરે છે " જે હકિકત આધારે પો.ઇન્સ એ.આર.વાળા તથા અ.હે.કો દિગ્વીજયસિંહ જગતસિંહ તથા આ.હે.કો. ફુલાભાઇ ગાંડાભાઇ નોકરી જલાલપોર પો.સ્ટે નાઓ સાથે રેઇડ કરતા વગર પાસ પરમીટે નાના મોટા પ્લાસ્ટિકના કેનોમા જ્વલનશીલ પ્રવાહી પેટ્રોલનો કુલ્લે જથ્થો ૩૫ લીટર જેની કીમત રૂપિયા ૩૦૪૫/- તથા ડીઝલનો કુલ્લે જથ્થો ૨૩૫ લીટર જેની કીમત રૂપિયા ૨૦,૪૪૫/- મળી કુલ કિ.રૂપીયા ૨૩,૪૯૦/- નો મુદ્દામાલ મળી આવતા તપાસ અર્થે કબ્જે કરી આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો કલમ ૨૮૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ જલાલપોર પો.સ્ટે ખાતે સોપેલ છે.

તેમજ સદર રેઇડ દરમ્યાન ભારતીય બનાવટનો વિદેશી દારૂનો પ્રોહી મુદ્દામાલ (૧) મેકડોનોલ્સ નં-૧ ૭૫૦ મીલીવાળી બાટલી નંગ-૦૯ (૨) ઇમ્પીરીયલ બ્લુ ૭૫૦ મીલીવાળી બાટલી નંગ-૦૯ તથા (૩) રોયલ ચેલેન્જ ૭૫૦ મીલીવાળી બાટલી નંગ-૦૧ મળી કુલ્લે ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ ૧૮ કુલ કિ.રૂપીયા ૯૦૦૦/- નો મુદ્દામાલ મળી આવતા જે બાબતે અલાયદી પ્રોહીબિશન ગુન્હાની ફરીયાદ દાખલ કરી આગળની તપાસ જલાલપોર પો.સ્ટે ખાતે સોપેલ છે.